# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI

Ref No. PN 2024-25/ Dt. 21/07/2024

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'ESI એક્ટ ૧૯૪૮' વિષય પર સેમિનાર યોજાયો

## સુરત શહેરમાં વર્ષ ૨૦૧૯ થી ESIC ની હોસ્પિટલ બાંધકામનું કાર્ય શરૂ હોવાથી કર્મચારીઓને થઈ રહેલી સમસ્યાઓનું ડિસેમ્બર-૨૦૨૪ સુધીમાં નિરાકરણ લાવવામાં આવશેઃ ગુજરાત રાજ્યના ESI કોર્પોરેશનના રિજીયોનલ ડાયરેક્ટર હેમંત પાંડે

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૧૯ જુલાઈ ૨૦૨૪ના રોજ, સાંજે ૦૫:૩૦ કલાકે, સેમિનાર હોલ-એ, સરસાણા, સુરત ખાતે 'ESI એક્ટ ૧૯૪૮' વિષય પર

સેમિનાર યોજાયો હતો. જેમાં ઉદઘાટક તરીકે ગુજરાત રાજ્યના ESI કોર્પોરેશનના રિજીયોનલ ડાયરેક્ટર શ્રી હેમંત પાંડે અને ESI કોર્પોરેશન સુરતના ડેપ્યુટી ડાયરેક્ટર ઈન્ચાર્જ શ્રી દીપક મલિક વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, 'સંસદ દ્વારા કર્મચારી રાજ્ય વીમો (ESI) અધિનિયમ ૧૯૪૮, સ્વતંત્ર ભારતમાં કર્મચારીઓની સામાજિક સુરક્ષા માટેનો પ્રથમ મોટો કાયદો હતો. ESI કાયદો કર્મચારીઓ માટે નિર્ણાયક સલામતી પ્રદાન કરે છે, જરૂરિયાતના સમયે તેમના સ્વાસ્થ્ય અને નાણાકીય સુખાકારીની ખાતરી કરે છે અને આખરે કર્મચારી અને તેમના પરિવારો માટે આર્થિક સ્થિરતાને પ્રોત્સાહન આપે છે.'

શ્રી હેમંત પાંડેએ જણાવ્યું હતું કે, 'સુરત શહેરમાં વર્ષ ૨૦૧૯ થી ESIC ની હોસ્પિટલ બાંધકામનું કાર્ય શરૂ હોવાથી કર્મચારીઓને થઈ રહેલી સમસ્યાઓનું ડિસેમ્બર-૨૦૨૪ સુધીમાં નિરાકરણ લાવવામાં આવશે. હવે કર્મચારી ઓનલાઈન ક્લેઈમ કરીને ESICનો લાભ મેળવી શકે છે તે અંગેનું શિક્ષણ કર્મચારીને સૌએ સાથે મળીને કરવાનું છે. ટૂંક સમયમાં જ દક્ષિણ ગુજરાતમાં પારડી, ગુંદળાવ, ઉમરગામ અને સરીગામના કર્મચારીઓ માટે ચાર નવી ડિસ્પેન્સરી શરૂ થવાની છે તેમ તેમણે બાંહેધરી આપી હતી. મોડાફાઈડ એમ્પ્લોયર યુટીલાઈઝર ડિસ્પેન્સરી સ્કીમ હેઠળ મળતાં વિવિધ લાભો વિશે તેમણે માહિતી આપી હતી.'શ્રી દીપક મલિકે ESIC અંગેનું પ્રેઝેન્ટેશન રજૂ કર્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, 'ટૂંક સમયમાં જ ESIC પીએમજેએવાય સાથે એમઓયુ થવાનું છે. જેનો લાભ કર્મચારીઓને મળશે. સલાબતપુરા બ્રાન્ચ હોસ્પિટલનું ડિમોલીશન થયા બાદ તાત્કાલિક ધોરણે બાંધકામ કરવામાં આવશે. ESI ની વ્હોટ્સએપ ચેનલ, ઉમંગ એપ્લિકેશન વાપરવા અને AAA+ એપ્લિકેશન ઉપર ESI ના સભ્યોનું આધાર લિંક કરવા માટે તેમણે સૂચન કર્યું હતું.'

સેમિનારમાં સુરત ૪૬૨ સ્ક્વેર કિ.મીનું શહેર બની ચૂક્યુ છે, ત્યારે ESI ની મુખ્ય સેવાઓ ૫ સ્ક્વેર કિ.મીના રેડિયસમાં જ હોય, કામદારોને દૂરથી ખર્ચા કરી, રજા મૂકી સારવાર લેવા આવવું પડતું હોય છે એટલે ઉધના, વરાછા, અડાજણ, પાલ, વેસુ, રાંદેર, ડિંડોલી જેવા વિસ્તારોમાં નવા દવાખાના શરૂ કરવા અને હાલમાં હયાત તમામ હોસ્પિટલમાં ડોક્ટરોની ભરતી કરવા રજૂઆતો કરવામાં આવી. વળી ESI નું મુખ્ય હોસ્પિટલ જનરલ હોસ્પિટલ છેલ્લા નવ મહિનાથી બંધ છે તેથી દરેક કર્મચારીઓને સિવિલ હોસ્પિટલ મોકલવામાં આવે છે તે બાબતે અધિકારીઓને વહેલી તકે આ સમસ્યાનું નિરાકરણ લાવવામાં આવે તે માટે રજૂઆત કરવામાં આવી હતી.

વધુમાં ઉપસ્થિતોએ જ ESI જનરલ હોસ્પિટલ હાલમાં કાર્યરત ન હોવાથી દરેક દર્દીઓને પાંડેસરા હોસ્પિટલમાં મોકલવામાં આવે છે, જ્યાં સાંજે પાંચ વાગ્યા પછી ડોક્ટરો ઉપસ્થિત નથી રહેતા. જેના કારણે ઈમરજન્સી સેવાઓ ખોરવાયેલ છે તે દિશામાં યોગ્ય પગલાં લેવા માટે રજૂઆત કરવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરની લેબર લો કમિટીના ચેરમેન શ્રી સોહેલ સવાણીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. સેમિનારનું પ્રશ્નોત્તરી સેશનમાં અતિથીઓએ ઉપસ્થિતોના પ્રશ્નોના સંતોષકારક જવાબ આપ્યા હતા અને ત્યાર બાદ સેમિનારનું સમાપન થયું હતું.